| | |
|---|---|
| અરજી દાખલ તારીખ | ૦૧–૦૯–૨૦૨૫ |
| અરજી રજીસ્ટ્રર કર્યાતારીખ | ૦૧–૦૯–૨૦૨૫ |
| અરજી ફેસલ તારીખ | ૧–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ – દિવસ |
| | |

**ખેરાલુના મે.એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી આર.વી.સોની સાહેબની કોર્ટમાં,**
**મુ.ખેરાલુ,જિ.મહેસાણા**

ક્રિ.પ.અ.નં.૧૩૪/૨૦૨૫
આંક:–૧૬

અરજદાર :– (૧) ઈરફાનાબીબી તે બાહોદ્દીન મહોરમખાન બહેલીમની દીકરી અને કયુમખાન શેખુમીયા બહેલીમ ની પત્ની
ઉ.આ.વ.૩૪,ધંધો.ઘરકામ,
રહે.બહેલીમવાસ,ખેરાલુ, તા.ખેરાલુ, જી.મહેસાણા

***::– વિ રુ દ્ધ –::***

સામાવાળા :– (૧) કયુમખાન શેખુમીયા બહેલીમ (પતિ)
ઉ.આ.વ.૩૪, ધંધો–ખેતી તેમજ જમીન લે–વેચ તથા ગાડીઓની લે–વેચ ની દલાલીનો ધંધો,
(૨) ગુલશનબીબી શેખુમીયાં બહેલીમ (સાસુ)
ઉ.આ.વ.૬૫, ધંધો.ઘરકામ,
તમામ રહે.બહેલીમવાસ,ખેરાલુ,તા.ખેરાલુ, જી.મહેસાણા

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

---

અરજ :– ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૨(૧) મુજબ અરજ....

---

અપિયરન્સ :– અરજદારપક્ષે વિ.વ.શ્રી :– ડી.ડી.સોની
સામાવાળાપક્ષે વિ.વ.શ્રી :– એમ.એ.બલોચ

---

–:: ઠ રા વ ::–

(૧). અરજદારની અરજીની ટૂંકમા હકીકત એવી છે કે, અરજદાર મોજે–ખેરાલુ, તા.ખેરાલુ, જી.મહેસાણા મુકામે રહીએ છીએ અને અમારે માતા–પિતા ગુજરી ગયેલ છે. અરજદારના નિકાહ અમારા સમાજના રીત–રીવાજ વ શરીયત મુજબ તા.૨૫–૦૫–૨૦૨૫ ના રોજ મોજે–ખેરાલુ, તા.ખેરાલુ, જી.મહેસાણા મુકામે થયેલા અને લગ્ન વખતે અમારા ભાઈએ સોના–ચાંદીના ઘરેણા તથા કરીયાવર વિગેરે ચીજવસ્તુઓ આપેલી જેમાં ચાંદીની જાજરી–૨૫૦ ગ્રામ ની તથા સોનાના કાનમાં પહેરવાના જુમખા તથા હાથમાં પહેરવાની સોનાની વિંટી તથા કાનના ઉપરના ભાગે પહેરવાની મચકણ(નખલી) અને નાકમાં પહેરવાની ચુની(કાંટી) આપેલી. જે તમમ દાગીના લઈ અમારી સાસરી માં અમારા પતિના ઘરે ખેરાલુ મુકામે ગયેલા અને લગ્નજીવનના હકકો ભોગવેલા. સામાવાળા નં.૧ મારા પતિ થાય છે તેથા સામાવાળા નં.ર મારી સાસુ થાય છે. સામાવાળા નં.૧ એ લગ્ન બાદ શરૂઆતના ૧૦ દિવસ જ અમોને સારુ રાખેલુ ત્યારબાદ અમારા પતિ અમારી પાસે પૈસાની માગણી કરતા અને શરૂઆતમાં અમારા પતિએ પૈસાની માગણી કરતા મે મારા ભાઈ પાસેથી રૂા.૨૦,૦૦૦/– લઈ મે સામાવાળા નં.૧ એટલે મારા પતિને આપેલા.ત્યારબાદ મારા પતિને પૈસાની લાલચ વધતા તેણે ફરીથી રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખની ની માગણી મારી પાસે કરેલી અને કહેલ કે તુ તારા ભાઈઓ પાસેથી ગમે તે રીતે પૈસા લાવીને મને આપ મારે પૈસા લઈ જમીનમાં રોકવા છે. જેથી મે કહેલ કે મારા ભાઈઓ ખુબજ ગરીબ છે. અને તેઓ પોતાનુ માંડમાડ ગુજરાન ચલાવે છે. આમ કહેતા

મને મારા પતિએ મારઝુડ કરેલી અને કહેવા લાગેલ કે પૈસા તો તારે તારા ભાઈ પાસેથી લાવવા જ પડશે અને મારા પતિનુ ઉપરાણુ મારી સાસુ ગુલશનબીબી શેખુમીયા બહેલીમ લેતા અને કહેતા કે તારાભાઈ ભીખારી છે અને તે દહેજમાં કઈ આપ્યુ નથી તેમજ અમારી નણંદ શબાનાબીબી મારૂફખાન બહેલીમ તથા અમારા નણદોઈ મારૂફખાન હીમતખાન બહેલીમ તથા અમારી નણંદ જેનપબીબી સનાઉલ્લાખાન બહેલીમ તથા નણદોઈ સનાઉલ્લા મતુમીયા બહેલીમ તથા મારા નણદની દીકરીઓ સીમનર સનાઉલ્લા બહેલીમ, નમીરાબાનુ સનાઉલ્લા બહેલીમ અમારા ઘરે આવી મારા પતિને ચઢવણીઓ કરતા હતા અને મારી નણદો તથા નણદોઈ મારા પતિને કહેતા કે આ તારી પત્ની ભીખારી ઘરની છે. સાલી રાંડને કાઢી મુકો અને મારા પતિને કહેતા કે તારા માટે  સારી વહુ લાવી આપીશુ. અને આ લોકોની ચઢવણીથી મને મારો પતિ મને માનસિક અને શારીરીક ત્રાસ આપતો મારુ પિયર એટલે કે મારા ભાઈનુ ઘર મારા પતિના ઘરની સામે આવેલ હોવા છતા મારો પતિ તથા મારી સાસુ જવા દેતા નહીં અને મારી સાસુ કહેતા કે તારે મારા દીકરાની વહુ થઈને રહેવુ હોય તો તારી બહેનોને બોલાવાની નહી અને મારા નણંદો તથા નણદોઈ પણ મારા ઘરે પડયા પાથરે રહેતા હતા અને મારા પતિને ચઢવણી કરી કહેતા કે આ રાંડને કાઢી મુકો જેથી તારા માટે સારી પત્ની લાવી શકીએ આમ મારા પતિને મારા નણંદો તથા નણદોઈ ચઢવણી કરતા અને મારી સાસુ પણ મને ત્રાસ આપતા અને આ લોકોની ચઢવણીથી મારા પતિ પણ મને સારી રીતે રાખતા નહીં અને માનસિક શારીરીક ત્રાસ આપતા તેમ છતા હુ ગરીબ ઘરની છોકરી હોઈ અને મારે માતા-પિતા નહોઈ અને મારા ભાઈઓ ગરીબ હોઈ હુ સામાવાળાઓનો તમામ ત્રાસ સહન કરી પડી રહેતી હતી.મને તા.૦૫-૦૮-૨૦૨૫ ના રોજ મારા પતિએ અને મારી સાસુએ કોઈપણ પ્રકારના કારણ વિના અને કહેલ કે તુ સાલી તારા ભાઈ પાસેથી ૫ લાખ રૂપિયા કેમ નથી લાવતી તુ પૈસા લાવતી તને રાખવી નથી તેમ કહી મારા પતિએ મને બે લાફા મારેલા અને નાગીભુડી ગાળો બોલેલી મે નાગીભુડી ગાળો બોલવાની ના પાડતા મારી સાસુએ મને ચોટલો પકડી ગસડેલી જેથી હોબાડો થતા મારી બાજુમાં રહેતી મારી નણંદો તથા

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

નણદોઈઓ અને એમની દીકરીઓ આવી ગયેલી અને તેઓ કહેવા લાગેલા કે આજે આને પતાવી દો જેથી આપણે શાંતિ થઈ જાય આવુ સાંભળી મારા પતિએ મને પહેરેલા કપડે રાત્રે કાઢી મુકતા હુ મારા ભાઈના ઘરે જતી રહેલી અને બીજા દીવસે એટલે કે તા.૦૬–૦૮–૨૦૨૫ ના રોજ મારા ભાઈના ઘરે હાજર હતી તો ત્યારે મારા પતિ ત્યા આવેલા અને મને કહેલ કે હાલને હાલ પ્રેમથી તલાક આપી દે મે તલાક આપવાની ના પાડતા મને જાહેરમાં મારા પતિ તથા તેમના બેન બનેવીઓએ મને મારઝુડ કરેલી અને કહેવા લાગેલા કે તને કદાપી લઈ જવાની નથી અને આ દીન સુધી મારા પતિએ મારી કોઈ સાર સંભાળ લીધેલ નથી અને અમારો મારા પતિએ વિના કારણે ત્યાગ કરેલો છે.

વધુમા,અરજદારે જણાવેલ છે કે, સામાવાળા નં.૧ શરીરે સશકત અને મજબુત બાંધાના છે.સામાવાળા નં.૧ ખેરાલુ મુકામે ૩૫ વીઘા જેટલી ધરાવે છે અને ખેતી કરી આશરે વાર્ષિક રૂા.૧૨,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ દુધાળા ઢોર રાખી દુધમાંથી પણ માસિક રૂા.૩૫,૦૦૦/– આવક મેળવે છે અને જમીનની તથા ગાડીઓની લે–વેચ કરી દલાલી પેટે માસિક રૂા.૧,૦૦,૦૦૦/– જેટલુ કમાય છે. આમ સામાવાળા નં.૧ સારી એવી આવક મેળવે છે અને ધરાવે છે. સામાવાળા નં.૧ ને ખેરાલુ મુકામે બે માળનું મકાન છે અને સામાવાળા નં.૧ ને અરજદાર સિવાય અન્ય કોઈના ભરણ–પોષણની જવાબદારી નથી. અરજદાર ઓછુ ભણેલા છીએ અને અમોને કોઈ કામધંધો આવડતો નથી. હાલમાં અમારા ભાઈના ઘરે સાથે ઓશીયાળુ જીવન ગુજારીએ છીએ.

**ઉપરોકત હકીકતો જણાવી અરજદારે સદર અરજી સબબ દાદ માંગેલ છે કે,** (એ) આ કામના સામાવાળા નં.૧ તેમની જાત–વ–હરેક મિલકતમાંથી અરજદારને ભરણ–પોષણ પેટે માસિક રૂા.૩૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા સદર અરજી કર્યા તારીખથી દર માસે ચઢે–ચઢાવે ચુકવી આપે તેવો હુકમ કરવા મે.થશે.(બી) આ કાયદાની કલમ–૧૯ મુજબ આ કામના સામાવાળાઓએ અરજદાર પાસેથી પડાવી લીધેલુ સ્ત્રીધન પરત આપે તેવો હુકમ કરવા મે.થશે.(સી) સદર કાયદાની કલમ–૧૯

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

મુજબ આ કામના સામાવાળા અરજદારને વૈકલ્પિક રહેવાની વ્યવસ્થા કરી આપે અથવા તો વૈકલ્પિક રહેઠાણનું દર મહિને નિયમિત રૂા.૭૫૦૦/- અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા ભાડું ચુકવી આપે અને વૈકલ્પિક રહેઠાણમાં પ્રવેશ ન કરે તેવો હુકમ ફરમાવવા મે.થશે.(ડી) આ કામના સામાવાળાએ સદર કાયદાની કલમ-૨૨ મુજબ અરજદારને આપેલ શારીરીક, માનસિક ત્રાસ બદલ રૂા.૫,૦૦,૦૦૦/- નું વળતર ચુકવી આપે તેવો હુકમ કરવા મે.થશે.(ઈ) આ અરજીનો તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા મે.થશે.(એફ) નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી હરેક ન્યાયીક દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨).. અરજદારની અરજી રજુ થતાં, ડોમેસ્ટીક ઈન્સીડેન્ટ રીપોર્ટ પ્રોટેકશન અધિકારીએ નિયત નમુનામાં રજુ રાખેલ છે. સદરહું રીપોર્ટને વંચાણે લેતા ઘરેલુ હિંસાનો બનાવ બનેલ હોવાનું અહેવાલમાં જણાવેલ છે જે આ કામે **આંક-૦૩** થી રજુ રાખવામા આવેલ છે. સામાવાળાઓને નોટીસ કાઢવામા આવેલ, જે નોટીસ સામાવાળાઓને બજી જતા, સામાવાળાઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા. સામાવાળા નં. ૧ નાઓએ અરજદારની અરજી સામેનો લેખિત જવાબ **આંક-૦૯** થી રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજદારની અરજીના પેરા-૧ સામે કોઈ વાદ(તકરાર) ન હોવાનું તેમજ અરજદારની સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની સદર અરજીની બીજી તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી અને બનાવટી હોવાનું જણાવેલ છે. વધુમાં, સામાવાળા ઓએ તેઓના જવાબમાં ખરી હકીકતે જણાવેલ છે કે, સામાવાળા નં.૧ ના લગ્ન (નિકાહ) અરજદાર સાથે તા.૨૫-૦૫-૨૦૨૫ ના રોજ ખેરાલુ મુકામે થયેલા. ત્યારથી અરજદાર સામાવાળા નં.૧ ના પત્ની થાય છે. સામાવાળાઓ તથા અરજદાર શરૂઆતથી જ એકજ મહોલ્લામાં રહીએ છીએ અને અરજદાર તથા તેમના કુટુંબીઓ સામાવાળાઓને કાયમથી ઓળખે છે અને સામાવાળા નં.૧ ની સગાઈ અરજદાર સાથે

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

લગ્ન અગાઉ આશરે ત્રણ વર્ષ ઉપર થયેલ ત્યારથી સામાવાળા અરજદારને સારી રીતે રાખતા અને વાર–તહેવારે સામાજીક વ્યવહાર કરતા અને સામાવાળા નં.૧ ના લગ્ન થયા ત્યારથી પણ અરજદારને સારી રીતે રાખતા આવેલ છીએ અને અરજદારને સામાવાળાઓએ કદી પણ કોઈ ત્રાસ આપેલ નથી કે કોઈ પૈસાની માગણીઓ કરેલ નથી કે અપમાનીત કરેલ નથી.સદર કામના અરજદાર જીદ્દી સ્વભાવના હોઈ લગ્નની શરૂઆતથી જ ઘરની નાની–નાની બાબતોને લઈ અમારા માતા જોડે કજીયા–કંકાસ કરતા રહેતા અને અમારા માતા ઉંમર લાયક હોઈ સામાવાળા સાથે રહેતા હતા તો સદર કામના અરજદાર અમારા માતાથી અલગ રહેવાની વાત કરીને અમારી સાથે કજીયા કંકાસ કરતા રહેતા જેથી સામાવાળા અરજદારને સમજાવતા કે આપણા લગ્નજીવનને થોડો જ સમય થયેલ છે અને અમારા માતા ઉંમર લાયક હોઈ અને જુદા રહેવા માટેની જીદ ન કરવા સમજાવતા. તો પણ અરજદાર અમારી સાથે વિના કારણે ઝઘડા કરતા રહેતા.આ કામના અરજદાર સામાવાળા સાથે વિના કારણે ઝઘડો કરી તેમના ઘરે ચાલ્યા ગયા ત્યારબાદ પણ સામાવાળાએ અરજદારને અમારા ઘરે તેડી લાવવા ઘણા પ્રયત્નો કરવા છતાં અરજદાર સમજેલા નહી કે અમારા ઘરે આવવા તૈયાર નથી અને અમારો વિના કારણે ત્યાગ કરી તેમના પિયર ચાલ્યા ગયા છે અને સામાવાળા નં.૧ વિરૂધ્ધ ખોટી હકીકતો ઉભી કરી ભરણ–પોષણ મેળવવા નામ.ફેમિલી કોર્ટ ખેરાલુમાં ક્રિ.પ.અ.નં.૯૭/૨૦૨૫ થી અરજ ગુજારેલ છે જે હાલમાં ચાલુ છે.સામાવાળા ૩૫ વિઘા જેટલી ખેતીની જમીન ધરાવતા નથી કે વાર્ષિક રૂા.૧૨,૦૦,૦૦૦/– જેટલી આવક ધરાવતા નથી તેમજ દુધાળા ઢોર રાખી દુધમાંથી માસિક રૂા.૩૫૦૦૦/– આવક ધરાવતા નથી અને જમીન તથા ગાડીઓ લે–વેચની દલાલી કરતા નથી કે રૂા.૧,૦૦,૦૦૦/– જેટલી આવક ધરાવતા નથી અને ખેરાલુ મુકામે આવેલ મકાન મજીયારું આવેલ છે અને સામાવાળાને જે ખેતીની જમીન આવેલ છે. તે સંયુકત ખાતે ચાલે છે અને સામાવાળા નં.૧ મજુરી કરી આવક મેળવીને છીએ અને અમારા માતાની જવાબદારી અમારા શીરે છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

(૩)..(અ) આ કામે અરજદારે તેઓની અરજીના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**::– મૌખિક પુરાવો –::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | અરજદારની જુબાની |

ત્યારબાદ, અરજદાર તરફે આંક–૧૨ થી કલોઝિંગ પુરસીસ રજુ રાખેલ છે.

(બ) આ કામે સામાવાળાપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**::– મૌખિક પુરાવો –::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | સામાવાળા નં.૧ ની જુબાની |

ત્યારબાદ, સામાવાળાપક્ષ તરફે આંક–૧૫ થી કલોઝિંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૪).. સદર કામે અરજદાર પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી જેમાં તેમણે તેઓની દલીલ દરમ્યાન આ કામે નોંધવામા આવેલ પુરાવા તરફ તથા કેસના રેકર્ડ તરફ મારુ ધ્યાન દોરેલ છે અને દલીલ કરેલ છે કે, અરજદારને ઘરેલુ હિંસા સામાવાળાએ કરેલ છે, સામાવાળા નં. ૧ સારી આવક કમાય છે, તેઓની ઉપર બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નથી. જેથી અરજદારની અરજી સંપુર્ણ મંજુર કરવી જોઈએ.

સામાવાળા તરફે તેઓના વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમા જણાવેલ છે કે,સા**માવાળા તથા અરજદારના પીયર પક્ષનુ ઘર એક બીજાથી નજીક જ આવેલ છે કોઇ ઘરેલુ હીસા સાબીત થતી નથી** સામાવાળા કોઈ આવક ધરાવતા નથી, સામાવાળા નં. ૧ ઉપર તેઓની માતાના ભરણપોષણની જવાબદારી છે. અરજદારે તેઓને ત્રાસ આપવામાં આવેલ હોય તેવી હકીકત સાબીત કરેલ નથી. અરજદારે સામાવાળાનો સ્વેચ્છાએ વિનાકારણે ત્યાગ કરેલ છે. અરજદાર પોતે સામાવાળા સાથે રહેવા માંગતા નથી અને ફકત ભરણપોષણની રકમ

ખોટી રીતે પડાવવા માંગે છે. સામાવાળા આટલી મોટી આવક ધરાવતા નથી.આથી, અરજદારની હાલની અરજી નામંજુર કરવી જોઈએ.

(૫).. પ્રોટેકશન ઓફ વુમન ફ્રોર્મ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫( કે જેને હવે પછીથી આ ઠરાવમા '' ડી.વી.એકટ'' તરીકે ઉલ્લેખ કરેલ છે)ની કલમ–ર એ,એફ,કયુ તથા એસ ધ્યાને લેતા તે નીચે પ્રમાણે છે :–

2. Definitions.-In this Act, unless the context otherwise requires,-

(a) "aggrieved person" means any woman who is, or has been, in a **domestic relationship** with the respondent and who alleges to have been subjected to any act of domestic violence by the respondent;

(f) "domestic relationship" means a relationship between two persons **who live or have, at any point of time, lived together** in a **shared household**, when they are related by consanguinity, **marriage**, ...;

(q) "respondent" means any adult male person who is, or has been, **in a domestic relationship** with the aggrieved person and against whom the aggrieved person has sought any relief under this Act: Provided that an aggrieved wife or female living in a relationship in the nature of a marriage may also file a complaint against a relative of the husband or the male partner;

(s) "shared household" means a household where the person aggrieved lives or at any stage has lived in a domestic relationship either singly or along with the respondent and includes such a household whether **owned or tenanted either jointly by the aggrieved person and the respondent, or owned or tenanted by either of them** in respect of which either the aggrieved person or the respondent or both jointly or singly **have any right, title, interest or equity** and includes such a household which may belong to the joint family of which the respondent is a member, irrespective of whether the respondent or the aggrieved person has any right, title or interest in the shared household;

આ કામે અરજદારે સદર કામે આંક–૧૧ થી સોગંદનામા સ્વરૂપની જુબાની આપેલ છે. જેમા અરજદારે તેઓની આંક–૦૧ ની અરજીમાં જણાવેલ હકીકતોનુ મહદઅંશે પુનરાવતર્નન કરેલ છે.

આ કામે સામાવાળા નં.૧ નાઓ અરજદારના પતિ તેમજ સામાવાળા નંબર– ૨ અરજદારના સાસુ થતા હોવાની હકીકત પક્ષકારો

વચ્ચે તકરારમા નથી. આમ, અરજદારો અને સામાવાળા નં.૧ થી ૨ વચ્ચે તેઓનો ડોમેસ્ટીક રીલેશનશીપ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં, અરજદારો તથા સામાવાળા નં.૧ થી ૨ એક છત નીચે સંયુકત કુટુંબમા રહેલ હોવાની હકીકત પણ સામાવાળાઓ તરફે ઈન્કાર કરવામાં આવેલ નથી. આમ, સામાવાળા નં.૧ થી ૨ તથા અરજદારો એક જ છત નીચે શેર્ડહાઉસહોલ્ડમાં રહેલ હોવાની હકીકત સાબીત થાય છે. આમ, આ કામના સામાવાળા નં.૧ થી ૨ નાઓ અરજદાર સાથે એક છત નીચે રહેલ હોવાની તથા સામાવાળા નં.૧ નાઓ અરજદારના પતિ થતા હોવાની તેમજ સામાવાળા નં. ૨ નાઓ અરજદારના સાસુ થતા હોવાની હકીકત સાબીત થાય છે. આમ, અરજદાર તથા સામાવાળા નં.૧ થી ૨ વચ્ચે ડોમેસ્ટીક રીલેશનશીપ અસ્તીત્વમા હોવા માટે જે સગપણ હોવુ જોઈએ તે સગપણ અસ્તીત્વમા હોવાનુ તથા અરજદારો સાથે સામાવાળા નં.૧ થી ૨ શેરર્ડ હાઉસહોલ્ડમાં સાથે રહેલ હોવાની હકીકત પુરવાર થાય છે. ઉપરોકત કલમોમા આપેલ વ્યાખ્યાઓ ધ્યાને લેતા આ કામના અરજદાર તથા સામાવાળા નં.૧ થી ૨ વચ્ચે ડોમેસ્ટીક રીલેશનશીપ અસ્તીત્વમા હોવાની તથા તેઓ એક બીજા સાથે શેરર્ડ હાઉસહોલ્ડમા રહેલ હોવાની તથા આ કામના અરજદાર સામાવાળા નં.૧ થી ૨ ને લાગુ પડે છે ત્યા સુધી એગ્રીવ્ડ પર્સનની વ્યાખ્યામા પડતા હોવાની તથા સામાવાળા નં.૧ થી ૨ રીસ્પોન્ડન્ટની વ્યાખ્યામા સમાવેશ થતો હોવાની હકીકત પુરવાર થાય છે.

(૬).. હવે, અત્રે નોંધનીય છે કે, હાલની અરજી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ,૨૦૦૫ હેઠળની અરજી છે જે કામે કલમ–૧૨,૧૮,૧૯,૨૦ તથા ૨૨ ની જોગવાઈઓ ધ્યાને લેતા કલમ–૧૯ હેઠળનો હુકમ મેળવવા માટે અદાલત અરજદાર સાથે ડોમેસ્ટીક વાયોલન્સનુ કૃત્ય થયેલ હોવાનુ માને તો કલમ–૧૯,૨૦ તથા ૨૨ હેઠળના હુકમ કરી શકાય છે. જયારે કલમ–૧૮ હેઠળનો હુકમ આ અદાલત ડોમેસ્ટીક વાયોલન્સનુ કૃત્ય થયેલ હોવાનો અદાલત પ્રથમ દર્શનીય રીતે સંતોષ થાય અથવા તો ડોમેસ્ટીક વાયોલન્સનું કૃત્ય થાય તેમ સંભવ હોય તેમ અદાલતને જણાય તો પણ અદાલત કલમ–૧૮ હેઠળનો હુકમ કરી શકે છે. જેથી આ તબકકે ડોમેસ્ટીક વાયોલન્સ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

શબ્દની ડી.વી.એકટમા આપવામા આવેલ કલમ–૩ ની વ્યાખ્યા ધ્યાને લેતા જે નીચે પ્રમાણે છે : –

3. Definition of domestic violence.-For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it -

(a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical, of the aggrieved person or tends to do so and includes causing physical abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or

(b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or

(c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental, to the aggrieved person.

Explanation I.-For the purposes of this section,-

physical abuse" means any act or conduct which is of such a nature as to cause bodily pain, harm, or danger to life, limb, or health or impair the health or development of the aggrieved person and includes assault, criminal intimidation and criminal force;

(ii) "sexual abuse" includes any conduct of a sexual nature that abuses, humiliates, degrades or otherwise violates the dignity of woman;

(iii) "verbal and emotional abuse" includes-

(a) insults, ridicule, humiliation, name calling and insults or ridicule specially with regard to not having a child or a male child; and

(b) repeated threats to cause physical pain to any person in whom the aggrieved person is interested.

"economic abuse" includes-

(a) deprivation of all or any economic or financial resources to which the aggrieved person is entitled under any law or custom whether payable under an order of a court or otherwise or which the aggrieved person requires out of necessity including, but not limited to, household necessities for the aggrieved

person and her children, if any, stridhan, property, jointly or separately owned by the aggrieved person, payment of rental related to the shared household and maintenance;

(b) disposal of household effects, any alienation of assets whether movable or immovable, valuables, shares, securities, bonds and the like or other property in which the aggrieved person has an interest or is entitled to use by virtue of the domestic relationship or which may be reasonably required by the aggrieved person or her children or her stridhan or any other property jointly or separately held by the aggrieved person; and

(c) prohibition or restriction to continued access to resources or facilities which the aggrieved person is entitled to use or enjoy by virtue of the domestic relationship including access to the shared household.

Explanation II.-For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this section, the **overall facts and circumstances of the case shall be taken into consideration.**

આમ, ઉપરોકત વ્યાખ્યા ઘ્યાને લેતા ડોમેસ્ટીક વાયોલન્સ શબ્દની વિસ્તૃત વ્યાખ્યા કરવામા આવેલ છે અને તેમાં ફિઝિકલ ઈન્જરી સીવાય પણ ઘણી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૭).. હવે, ઘરેલું હિંસાના કાયદાનો હેતુ જોતા આ કાયદો ઘરેલું હિંસાથી પીડીત સ્ત્રીઓના રક્ષણ માટે બનાવવામાં આવેલ છે અને ઘરેલું હિંસા અંગેની હકીકત અરજદારે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિઘ્ધાંત ઉપર સાબિત કરવાની હોય છે અને ક્રિમીનલ લો મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી અને ઘરેલું હિંસા પુરવાર કરવાનો બોજો હળવા પ્રકારનો છે. આ કાયદાની કલમ–૨૮(૨) પણ અદાલતને યોગ્ય લાગે તે પ્રક્રીયા અપનાવવાની છુટ આપે છે. હવે, આ કામે અરજદાર પર ઘરેલુ હિંસા થયેલ છે કે કેમ તે હકીકતનો પુરાવો ઘ્યાને લેવામા આવે તો અરજદાર પોતાની આંક–૧૧ ની સોગંદપરની જુબાનીમાં પોતાની આંક–૦૧ માં જણાવેલ તમામ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને અરજદારની સામાવાળાપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. અરજદારની સામાવાળા તરફે વિસ્તૃત ઉલટ તપાસ કરવામા

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

આવેલ છે.પરંતુ અરજદારની ઉલટતપાસમાં સામાવાળા એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેનાથી અરજદારને કોઈ ઘરેલુ હિંસાનુ કૃત્ય કરવામા આવેલુ જ ન હોય તેવી હકીકત સાબીત થાય. આમ, અરજદાર પોતાની જુબાનીમાં તેઓને સામાવાળાઓ ધ્વારા ઘરેલું હિંસાનુ કૃત્ય કરવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે. તે જ રીતે સામાવાળા નં.૧ એ પોતે પોતાની આંક–૧૪ ની સોગંદનામા પરની સરતપાસમાં પોતાના લેખિતમાં જવાબમાં જણાવેલ તમામ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. સામાવાળા નં.૧ ની પણ અરજદારપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જે સમગ્ર ઉલટ તપાસ અરજદાર તથા સામાવાાળા નં.૧ ની મે અક્ષરશ: વંચાણે લીધેલ છે. પરંતુ અરજદારની ઉલટ તપાસમા અરજદારને ઘરેલુ હિંસા કરવામા આવેલ ન હોય તેવી હકીકત સાબીત કરે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, સમગ્ર પુરાવો સમગ્ર રીતે ધ્યાને લેતા જણાણ છે કે, અરજદારે તેઓને સામાવાળાઓએ ઉપરોકત '' ડોમેસ્ટીક વાયોલન્સ'' શબ્દની વ્યાખ્યામાં સમાવેશ થતુ વર્તન કરેલ હોવાની હકીકત પોતાની જુબાનીમા જણાવેલ છે અને પોતાની ઉલટ તપાસમાં તેને વળગી રહેલ છે. જયારે સામાવાળા પક્ષે પોતાની જુબાનીમાં પોતે અરજદારના સદર કૃત્ય કરેલ ન હોવાની હકીકત પોતાની સરતપાસમાં જણાવેલ છે. ઉપરાંત, આ કામે અરજદાર, સામાવાળા નં . ૧ ના પત્ની છે. ભારતીય સમાજની પ્રવર્તનમાન પરીસ્થીતી ધ્યાને લેતા કોઈ ભારતીય સ્ત્રી પોતાના પતિ અથવા સાસરીયા વિરુધ્ધ આવી ખોટી હકીકત સોગંદ ઉપર જણાવે અને કોઈ પણ વ્યાજબી કારણ વગર પોતાના સાસરે રહેવાનુ છોડી પોતાના પિયર રહે તે હકીકત માનવા લાયક જણાતી નથી. આ કામના સામવાાળા પણ પોતાના લેખિત જવાબમાં અરજદાર તેઓના ઘરે રહેતા ન હોવાની અને પિયરે રહેતા હોવાની હકીકત જણાવે છે. પરંતુ જો અરજદારને કોઈ ડોમેસ્ટીક વાયોલન્સનુ કૃત્ય કરવામા ન આવેલ હોય તેમ છતા શા માટે અરજદાર આટલા સમયથી સાસરે નહી અને પીયર રહે છે તેનો કોઈ સંતોષકારક ખુલાસો કરતો પુરાવો સામાવાળા રજુ કરી શકેલ નથી. આથી, ઘરેલુ હિંસાથી સ્ત્રીઓના રક્ષણ કરતા કાયદો ઘડવા પાછળનો ધારાસભાનો હેતુ તથા ભારતીય સમાજની પરીસ્થીતી ધ્યાને લેતા અરજદારને ડોમેસ્ટીક

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

વાયોલન્સનું કૃત્ય થયેલ હોવાની હકીકત સાબીત કરવા માટે અરજદારની જુબાની પુરતી હોવાનું હુ માનુ છું. આથી, સદર હકીકત પુરવાર થયેલ હોવાનું ઠરાવુ છું.

(૯).. આ કામે અરજદારે તેઓના ભરણપોષણ માટે અરજદારને માસીક રૂા.૩૦,૦૦૦/− પુરા તેઓના ભરણપોષણ પેટે સદર અરજી કર્યાની તારીખથી દર માસે ચઢેચઢયા ચુકવી આપે તેવી માંગણી કરેલ છે. આ તબકકે ડી.વી. એકટની કલમ−૨૦(૧)(ડી) ધ્યાને લેતા અદાલત પીડીત વ્યકતીના ભરણપોષણ બાબતે ફોજદારી કાર્યવાહીનો કાયદો, ૧૯૭૩ ની કલમ−૧૨૫ હેઠળનો ભરણપોષણનો હુકમ પણ આ કાર્યવાહીમા કરી શકે છે. આ તબકકે ક્રિ. પ્રો. કોડ−૧૯૭૩ ની કલમ−૧૨૫ ધ્યાને લેતાં નીચે પ્રમાણે છે.

125-Order for maintenance of wives, children and parents

(1) If any person having sufficient means neglects or refuses to maintain-

(a) his wife, unable to maintain herself, or

(b) his legitimate or illegitimate minor child, whether married or not, unable to maintain itself, or

(c) his legitimate or illegitimate child (not being a married daughter) who has attained majority, where such child is by reason of any physical or mental abnormality or injury unable to maintain itself, or

(d) his father or mother, unable to maintain himself or herself, a Magistrate of the first class may, upon proof of such neglect or refusal, order such person to make a monthly allowance for the maintenance of his wife or such child, father or mother, at such monthly rate not exceeding five hundred rupees in the whole, as such Magistrate thinks fit, and to pay the same to such person as the Magistrate may from time to time direct:

Provided that the Magistrate may order the father of a minor female child referred to in clause (b) to make such allowance, until she attains her majority, if the Magistrate is satisfied that the husband of such minor female child, if married, is not possessed of sufficient means.

Explanation.- For the purposes of this Chapter, -

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

(a) "minor" means a person who, under the provisions of the Indian Majority Act, 1875( 9 of 1875) is deemed not to have attained his majority;

(b) "wife" includes a woman who has been divorced by, or has obtained a divorce from, her husband and has not remarried.

(2) Such allowance shall be payable from the date of the order, or, if so ordered, from the date of the application for maintenance.

(3)...

Provided further that if such person offers to maintain his wife on condition of her living with him, and she refuses to live with him, such Magistrate may consider any grounds of refusal stated by her, and may make an order under this section notwithstanding such offer, if he is satisfied that there is a just ground for so doing.

Explanation.- If a husband has contracted marriage with another woman or keeps a mistress, it shall be considered to be just ground for his wife's refusal to live with him.

(4) No wife shall be entitled to receive an allowance from her husband under this section if she is living in adultery, or if, without any sufficient reason, she refuses to live with her husband, or if they are living separately by mutual consent.

(૯.૧).. આ કામે ઉપરોકત ચર્ચા કરી તે પ્રમાણે અરજદારે સામાવાળા નં.૧ ના પત્ની થતા હોવાની તથા લગ્ન બાદ સામાવાળાને ત્યાં અરજદાર તથા સામાવાળા રહેતા હોવાની હકીકત પુરવાર થયેલી છે. અરજદાર હાલ તેઓના પીયરના ઘરે રહેતા હોવાની હકીકત આ કામે પક્ષકાર વચ્ચે નિર્વિવાદિત છે. અરજદારે તેઓને સામાવાળા તેમના સાસરે ત્રાસ આપતા હોવાની અને તે કારણે તેમને તેમની સાસરીના ઘરનો ત્યાગ કરવાની ફરજ પડેલ હોવાનુ દર્શવાતી હકીકતો સોગંદ પરની જુબાનીમા જણાવે છે. આથી, અરજદાર ને સામાવાળા નં.૧ સાથે નહી રહેવા માટે પુરતુ કારણ હોવાનું સાબીત થાય છે. આ સીવાય પણ ઉપરોકત ચર્ચા કરી તેમ ભારતીય સમાજમાં પ્ર વર્તમાન સામાજીક પરીસ્થિતિ ધ્યાને લેતાં કોઈ પણ સ્ત્રી કોઈ વ્યાજબી કારણ વગર પોતાની સાસરીના ઘરનો ત્યાગ કરે અને આવી હકીકત સોગંદ ઉપર ખોટી જણાવે તે માનવા લાયક જણાતું નથી. વળી, ઉપરોકત ચર્ચા કરી તેમ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

અરજદારને ડોમેસ્ટીક વાયોલન્સનુ કૃત્ય સામાવાળાઓ દવારા કરવામા આવેલ હોવાનુ પુરવાર થયેલ છે. આમ અરજદારને પોતાના પતિ સાથે નહી રહેવા માટે પુરતુ કારણ છે. જે તમામ બાબત ધ્યાને લેતા અરજદારે જયારે સોગંદ ઉપર તેઓને તેમના પતિ સાથે નહી રહેવા માટે વ્યાજબી કારણ હોવાની હકીકત જણાવતાં હોય ત્યારે અરજદારે વ્યાજબી કારણ વિના તેઓના પતિના ઘર સાથે રહેવાનો ઈન્કાર કરેલ હોવાની હકીકત ઠરાવી શકાય તેમ નથી.આ કામના સામાવાળા કોઈ શારીરીક કે માનસીક ખોડખાપણ ધરાવતા હોય અને તે કારણે કોઈ કામકાજ કરવા માટે અસમર્થ હોય તેવો સામવાળા તરફે કોઈ રજુઆત કે પુરાવો રજુ કરવામા આવેલ નથી. આમ, સામાવાળા નં.૧ અરજદારનું ભરણપોષણ ચુકવવા સમર્થ છે તેવુ મારુ નમ્રતાપૂર્વક માનવુ છે. અરજદાર પોતે કોઈ આવક મેળવતા હોય અને આમ પોતાનુ ભરણપોષણ જાતે કરવા સમર્થ હોય તેવી કોઈ હકીકત સામાવાળા પુરવાર કરી શકેલ નથી.

(૯.૨).. આ કામે સામાવાળા તરફે અરજદારને ભરણ પોષણની રકમ પેટે કોઈ રકમ અથવા તો કોઈ ચીજવસ્તુઓ મોકલી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આમ, અરજદાર સામાવાળા નં–૧ ના પત્ની થતા હોવાની તથા અરજદારો સામાવાળા નં. ૧ થી અલગ રહેતા હોવાની તથા અરજદારે વ્યાજબી કારણ વિના સામાવાળા નં.૧ સાથે ઈન્કાર કરેલ ન હોવાની તથા અરજદાર જાતે પોતાનુ ભરણપોષણ કરવા સમર્થ ન હોવાની તથા અરજદારને ભરણપોષણ ચુકવવા સામાવાળા નં.–૧ સમર્થ હોવાની તથા સામાવાળા નં.૧ નાએ અરજદારના ભરણ પોષણ માટે બેદરકારી સેવેલ હોવાની હકીકતો પુરવાર થાય છે. જે તમામ બાબત ધ્યાને લેતા અરજદાર સામાવાળા નં.–૧ પાસેથી ભરણપોષણની રકમ મેળવવા ક્રિ મીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ –૧૨૫ ધ્યાને લેતા હકકદાર હોવાનું જણાય છે.

(૯.૩).. હવે સદર ભરણપોષણની રકમ કેટલી નકકી કરવી તે માટે સામાવાળાની આર્થીક શકતી તથા તેઓ ઉપરની અન્ય આર્થીક જવાબદારીઓ તથા પક્ષકારોના સં જોગો ધ્યાને લેવા જરૂરી જણાય છે. કાયદાનો પ્રસ્થાપિત સીધ્ધાન્ત

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

છે કે અરજદાર સામાવાળાને ત્યા જે આર્થીક દરજ્જો ભોગવતા હતા તે દરજ્જો તેઓ ભરણપોષણની રકમથી પણ ભોગવવા હકકદાર છે.

(૯.૪).હવે, ભરણપોષણની રકમ નકકી કરવા માટે પક્ષકારોની આવક તથા આર્થિક દરજ્જો તથા સામાવાળા નં. ૧ ની અન્ય જવાબદારીઓ વગેરે પરિબળો ઘ્યાને લેવા જરુરી છે. આ કામે પક્ષકારો તરફે સામાવાળાની આવક બાબતે કોઈ ચોકકસ સ્પષ્ટ પુરાવો રજુ કરવામા આવેલ નથી. અરજદાર પોતાની આંક–૧ ની અરજી તેમજ સોગંદનામા સ્વરૂપની જુબાનીમાં જણાવે છે કે,'' સામાવાળા નં.૧ ખેરાલુ મુકામે ૩૫ વીઘા જેટલી ધરાવે છે અને ખેતી કરી આશરે વાર્ષિક રૂા.૧૨,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ દુધાળા ઢોર રાખી દુધમાંથી પણ માસિક રૂા.૩૫,૦૦૦/– આવક મેળવે છે અને જમીનની તથા ગાડીઓની લે–વેચ કરી દલાલી પેટે માસિક રૂા.૧,૦૦,૦૦૦/– જેટલુ કમાય છે. આમ સામાવાળા નં.૧ સારી એવી આવક મેળવે છે અને ધરાવે છે. સામાવાળા નં.૧ ને ખેરાલુ મુકામે બે માળનું મકાન છે." વધુમાં, અરજદારે તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે, સામાવાળા ૩૫ વીઘા ખેતીની જમીન તથા વાર્ષીક બાર લાખ આવક ધરાવતા હોવાનું દર્શાવતો કોઈ દસ્તાવેજ પુરાવો આ કામે રજુ કરેલ નથી. મારી પાસે કોઈ પુરાવો ન હોઈ સામાવાળા ખેતીની જમીન કે આટલી આવક ધરાવતા હોઈ તેવુ કોઈ દસ્તાવેજી પુરાવો હુ રજુ કરી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે સામાવાળા દુધની માસીક પાંત્રીસ હજારની આવક ધરાવતા હોય તે દર્શાવતો કોઈ પુરાવો મે રજુ કરેલ નથી. જે પુરાવો દુધની આવકનો પણ મારી પાસે ન હોઈ હુ રજુ કરી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે સામાવાળા ગાડીની દલાલી તથા જમીનની દલાલી કરી મહીને લાખ રુપીયા કમાતા હોય તે દર્શાવતો પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે કરી શકુ તેમ નથી.''

(૯.૫).. આમ, અરજદાર તરફે સામાવાળા નં. ૧ નાઓ જમીન ધરાવતા હોવાની અને ખેતી તથા પશુપાલન કરી તેમજ જમીન તથા ગાડીઓની લે–વેચ કરી દલાલી કરી આવક મેળવતા હોવાની હકીકત પોતાની ઉપરોકત જુબાનીમાં જણાવેલ છે પરંતુ તે બાબતે કોઈ ઠોસ પુરાવો રજુ કરી શકેલ નથી. જયારે આ કામના સામાવાળા નં. ૧

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

નાઓએ તેઓની અરજદારપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''હુ ખેતીનો ધંધો કરુ છું. મારા નામે છ વીઘા જમીન છે. હવે કહુ છુ કે તે જમીન મારા તથા મારી માતાના સંયુકત નામે છે. હુ ખેતીમાંથી માસીક રૂપીયા એક લાખ કમાઉ છુ હવે કહુ છુ કે તે રુપીયા એક લાખ માસીક નહી વાર્ષિક કમાઉ છું. મારે પશુપાલનની કોઈ આવક નથી. હુ ગાડીઓની કોઈ લેવેચ કરતો નથી હુ ગંજબજારની કોઈ રસીદ રજુ કરી શકુ તેમ નથી. મારો પાક હુ ગંજબજારમાં નહી છુટક વેચાણ કરી દઉ છું. મારી પાસે કોઈ વાહન નથી. મારો રોજનો ખર્ચો વીસ–પચીસ રુપીયા છે. હુ મોબાઈલ પણ રાખુ છુ જે મોબાઈલમા હુ માસીક ત્રણસો રુપીયાનું રીચાર્જ કરાવુ છું..... મારે મારી માતા તથા મારો કુલ માસીક ખર્ચ આશરે આઠ હજાર રુપીયા થાય છે.'' આમ, સામાવાળાની ઉપરોકત જુબાની પરથી તેઓના તથા તેઓની માતાના સંયુકત નામે છ વીઘા જમીન આવેલ હોવાની તેમજ તેઓ ખેતીમાંથી વાર્ષીક રુપીયા એક લાખ આવક મેળવતા હોવાની હકીકત સામાવાળા પોતે કબુલ કરતા હોવાનુ જણાઈ આવે છે. વધુમાં , સામાવાળા ઉપરોકત ઉલટતપાસમાં તેઓનો તથા તેઓની માતાનો કુલ માસીક ખર્ચ આઠ હજાર રુપીયા થતો હોવાનું જણાવેલ છે. અરજદારના જણાવ્યા પ્ર માણેની સામાવાળાની આવક કોઈ ચોકકસ પુરાવાની ગેરહાજરીમાં કમાતા હોવાનું માની લેવુ અતિશયોકતી ભર્યુ જણાય છે. જો ભરણપોષણની એવી રકમ નકકી કરવામા આવે કે જે સામાવાળા પોતાની આર્થીક અક્ષમતાને કારણે ચુકવી પણ ન શકે તો તે વધારે પડતી નકકી થયેલ ભરણપોષણના કારણે ન્યાયનો હેતુ માર્યો જાય. અરજદાર પોતે ભરણપોષણની વધારે રકમ મેળવવા માટે સામાવાળાની આવક વધુ હોવાની હકીકત જણાવે અને સામાવાળા પોતાની ભરણપોષણની રકમ ચુકવવાની જવાબદારી ઓછી થાય તે હેતુથી પોતાની આવક હોય તેના કરતા ઓછી જણાવે તે બાબત સ્વાભાવિક છે. વળી, સામાવાળાની આવક શું છે તે સામાવાળાની અં ગત જાણકારીની બાબત છે. જે હકીકત જયારે સામાવાળાના સ્પેશ્યલ નોલેજમાં હોય ત્યારે તે હકીકત સાબીત કરવાની જવાબદારી સામાવાળા ઉપર હતી. જેથી સામાવાળાની ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેતા તેઓ તથા તેઓની માતાના નામે છ વીઘા જેટલી જમીન આવેલ હોવાની તેમજ તેઓ ખેતીમાંથી વાર્ષીક રૂપીયા એક લાખ

આવક મેળવતા હોવાનું કબુલ કરતા હોવાનુ જણાઈ આવે છે. વધુમાં,સામાવાળાપક્ષે અરજદારની કરવામાં આવેલ ઉલટતપાસમાં અરજદારે લગ્ન સમયે સામાવાળાએ તેણીને સોના ચાંદીના દાગીના આપેલા હોવાની હકીકતનુ સામાવાળા પક્ષે સજેશન કરવામા આવેલ છે જેનો અરજદારે સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત બાબતો ધ્યાને લેતા સામાવાળા નં. ૧ ની આર્થિક સક્ષમતાનો અં દાજ લગાવી શકાય તેમ છે.

(૯.૬).. હવે સામવાાળા ઉપર તેઓની માતાના ભરણપોષણની જવાબદારી રહેલ હોવાની સામાવાળા તરફે રજુઆત કરવામાં આવેલ છે. સામાવાળાએ તેઓની અરજદારપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,'' એ વાત ખરી નથી કે મારી ઉપર મારા સીવાય બીજા કોઈના ભ.પો.ની જવાબદારી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી માતાની જવાબદારી છે.'' વધુમાં, અરજદારે તેઓની સામાવાળાપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,'' સામાવાળા નં . ૨ ગુલશનબીબી ઉમરલાયક બાઈ માણસ છે. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ બીમાર રહે છે. સામાવાળા નં. ૨ નો તમામ ખર્ચ મારા પતિ તથા તેમના ભાઈઓ સંયુકત રીતે કરે છે.'' આમ, અરજદારની ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેતા પણ સામાવાળા નં . ૧ ઉપર તેઓની માતાની જવાબદારી પણ કઈક અંશે હોવાની હકીકતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. આથી, પક્ષકારોના ઉપરોકત બાબતો ધ્યાને લેતા જણાઈ આવતા આર્થિક દરજજાને આધારે જો **સામાવાળા નં.૧ અરજદારને માસીક રૂા.૪,૨૫૦/–** અરજીની તારીખથી ચુકવી આપે તેવો હુકમ ફોજદારી કાર્યવાહીનો કાયદો,૧૯૭૩ ની કલમ–૧૨૫ સાથે ડી વી એકટની કલમ–૨૦(૧)(ડી) વંચાણે લેતા કરવો ન્યાયોચીત જણાય છે.

**(૧૦ )..** અરજદારે હાલની અરજીમાં ઘરેલું હિંસાના કાયદાની કલમ–૧૯ મુજબ રહેઠાંણના આદેશ માટેની દાદ માંગેલ છે. અરજદાર તરફે સામાવાળા અરજદારને વૈકલ્પીક રહેવાની વ્યવસ્થા કરી આપે અથવા તો વૈકલ્પીક રહેઠાણનું દર

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

મહીને નિયમિત રૂા.૭,૫૦૦/– ભાડુ ચુકવી આપવા સામાવાળાને હુકમ કરવાની દાદ માંગેલ છે. પરંતુ આ કામે સામાવાળાઓનુ મકાન કેટલી સાઈઝનુ તથા રુમ કઈ પરીસ્થીતીમા ધરાવે છે તે નકકી શકાય તેવી કોઈ વિગતો આ કામે રેકર્ડ પર રજુ થયેલ નથી. આમ, આવુ કોઈ મકાન હોય તો તેના કોઈ ભાગમા અરજદારને રહેવા પરવાનગી આપવી અને તે ભાગમા સામાવાળાઓએ પ્રવેશ ન કરવો તેવો હુકમ કરવા અને અરજદારની તથા સામાવાળાઓની જરુરીયાતો માટે તે પુરતુ છે કે નહી તે બાબતે કોઈ નિર્ણય થઈ શકે તેમ નથી. સામાવાળાઓ સાથે અરજદારને મેટ્રીમોનીઅલ ડિસ્પ્યુટ ચાલતો હોવાનુ આ કામે સ્પષ્ટ છે. આ સંજોગોમાં અરજદાર અને સામાવાળાઓને એકસાથે તેઓના ઘરમાં સાસરી મુકામે રહેવા ફરજ પાડવી ન્યાયોચિત ન હોવાનું હાલના કેસની હકીકતો ધ્યાને લેતા જણાય છે. પક્ષકારો વચ્ચેના સંબંધોમાં જે પ્રકારે કડવાશ આવેલ હોવાનું પક્ષકારોના પ્લીડીંગ તથા જુબાની ધ્યાને લેતા જણાય છે, તે સંજોગોમાં જો પક્ષકારો વચ્ચે આ કામે કોઈ સુલેહ થયા વીના જો આવી સાથે રહેવા ફરજ પાડવામાં આવે અથવા તો સામાવાળાઓને અરજદાર તેઓના ઘરમાં રહેવા આવે તેમાં અડચણ ન કરવા હુકમ કરવામાં આવે તો પણ પક્ષકારોને એક હોસ્ટાઈલ વાતાવરણમાં સાથે રહેવા ફરજ પડે તેવી શકયતા જણાય છે. જેથી હાલના કેસની હકીકતો ધ્યાનમાં લેતા ડી વી એકટની કલમ–૧૯ કલમ–૧૯(એફ) ના પ્રબંધો પ્રમાણે સામાવાળાની અરજદારને તેઓના રહેઠાણ માટે ઘર ની વ્યવસ્થા પુરી પાડવાની જવાબદારી ધ્યાને લેતા સામાવાળાએ અરજદારને ઘરભાડા પેટે યોગ્ય રકમ પક્ષકારોના આર્થીક દરજ્જા પ્ર માણેની સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ સામાવાળા નં. ૧ ને સદર કલમ–૧૯(૧)(એફ) હેઠળ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ મારુ માનવું છે. હવે તે રકમ નકકી કરતી વખતે પક્ષકારોનો આર્થીક દરજ્જો ધ્યાને લેવો જરુરી જણાય છે. અરજદાર પોતાના સાસરીના ઘરે જે દરજ્જાનુ મકાન ધરાવતા હતા, સામાવાળા જે દરજ્જાના મકાનમા રહે તે દરજ્જાના મકાનમા રહેવા અરજદાર પણ હકદાર છે. આમ, પક્ષકારોનો આર્થીક દરજ્જો ધ્યાને લઈ ઘરભાડાની રકમ નકકી કરવી જોઈએ તેવુ મારુ માનવુ છે.આથી, ઉપરોકત ચર્ચા કરેલ સામાવાળા નં.૧ નો આર્થિક દરજ્જો ધ્યાને લ

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

ેતા સામાવાળા નં.૧ એ અરજદારને હાલની અરજી દાખલ થયા તારીખથી ઘરભાડા પેટે માસીક રૂા.૯૦૦/– ચુકવવાનો હુકમ કરવામા આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ મારુ માનવુ છે.

**(૧૧)..** આ કામે અરજદારે પોતાની અરજીમા સામાવાળા પાસે તેઓનું સ્ત્રીધન હોવાની હકીકત જણાવી તે પરત માંગતી દાદ માંગેલ છે પરંતુ તે સ્ત્રીધન બાબતેની કોઈ સ્પેસેફીક વિગત અરજદાર પોતાની જુબાનીમાં જણાવતા નથી કે અરજદારે તેઓને લગ્ન વખતે કરીયાવરમા જો કોઈ વસ્તુ આપવામા આવેલ હોય તો તેના બીલ પણ રજુ કરેલ નથી. અરજદારને તેઓની આંક–૧૧ ની જુબાનીમાં ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, આ કામે મે કોઈ દાગીનાનુ બીલ રજુ કરેલ નથી. આ સંજોગોમા અરજદારની કોઈ ચીજવસ્તુઓ સામાવાળા પાસે હોય તેવી હકીકત પુરવાર થતી નથી. અરજદારને તેની કોઈ મિલકત સામાવાળા પાસે હોવાનુ ઠરાવી તે પરત અરજદારને આપવાનો હુકમ કરવો પણ ન્યાયોચીત જણાતુ નથી.

**(૧૨)..** અરજદાર તરફે તેઓને ઘરેલુ હીંસાના કૃત્યના કારણે અરજદાર કોઈ કામધંધો કરતા હોય તે કરી શકેલ ન હોય અને ઘરેલુ હીંસાના કૃત્યના કારણે તેઓને કોઈ આવક ગુમાવવી પડેલ હોય અથવા તેઓની કોઈ મીલકતનો નાશ કે નુકસાન થયેલ હોય તેમ પુરવાર કરેલ નથી. તે જ રીતે અરજદારે તેઓને ઘરેલુ હીંસાના કૃત્યથી સારવાર કરાવવી પડેલ હોય, તે બાબતે કોઈ ખર્ચ થયેલ હોય, તેમ પણ પુરવાર કરેલ નથી. આથી આ કામે કલમ– ૨૦(૧)(એ) થી ૨૦ (૧)(સી) સુધીની કોઈ જોગવાઈ હેઠળનો કોઈ હુકમ કરવો પણ ન્યાયોચીત જણાતુ નથી.

**(૧૩)..** હવે, અરજદારે કલમ–૨૨ હેઠળ વળતર મેળવવાના હુકમની દાદ પણ માગેલ છે. સદર મુદા અંગે અરજદારનો પુરાવો ઘ્યાને લેતા અરજદારને સામાવાળા તરફથી ઘરેલુ હીસાનુ કૃત્ય થયેલ હોવાનુ પુરવાર થયેલ છે. જેથી ઘરેલું હિંસાના કાયદાની કલમ–૨૨ ઘ્યાને લેતા અદાલત ઘરેલું હિંસાથી પીડીત વ્યકિતને વળતર

ચુકવવાનો હુકમ મેજીસ્ટ્રેટશ્રી કરી શકે છે. પરંતુ આ વળતર ની રકમ થયેલ ઘરેલુ હીંસાની વિગતો ધ્યાને લઈ નકકી કરવાની હોય છે. આ કામે અરજદારે પુરવાર કરેલ ઘરેલુ હીંસાની વીગતો ધ્યાને લઈએ તો અરજદાર જે ઘરેલુ હીસાના કૃત્યો પુરવાર કરેલ છે તે કૃત્યનુ સ્વરૂપ તથા ગંભીરતા ધ્યાને લેતા અરજદારને સામાવાળા નં ૧ થી નં.૩ નાએ વળતર પેટે રૂા.૭,૫૦૦/- (અંકે રુપીયા સાત હજાર પાંચસો પુરા) ચુકવી આપવાનો હુકમ સદર કલમ-૨૨ હેઠળ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ હોવાનુ મારુ માનવુ છે. જે તમામ બાબત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧). આથી અરજદારની અરજી **અંશત:મંજુર** કરવામાં આવે છે.

(૨).. આથી આ કામના સામાવાળા નં.૧ ને ફોજદારી કાર્યવાહીનો કાયદો,૧૯૭૩ ની કલમ -૧૨૫ સાથે ડી.વી.એકટની કલમ-૨૦(૧)(ડી) વંચાણે લેતા તે હેઠળ એવો હુકમ કરવામા આવે છે કે, તેઓએ **અરજદારને માસીક રૂા.૪,૨૫૦/-(અંકે રૂપીયા ચાર હજાર બસો પચાસ) પુરા** ભરણપોષણ પેટે હાલની અરજીની તારીખ- ૦૧ /૦૯/૨૦૨૫ થી દર માસે ચઢેચઢયા અરજદારને ચુકવી આપવા.

(૩). આ કામના સામાવાળાનં ૧ તથા ૨ ને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારને સદરહું કાયદાની કલમ-૨૨ મુજબ ઘરેલુ હીંસાના વળતર પેટે **રૂા.૭,૫૦૦/-(અંકે રુપીયા સાત હજાર પાંચસો પુરા)** ચુકવી આપવા.

(૪). આ કામના સામાવાળાનં-૧ એ અરજદારને માસિક ઘરભાડા પેટે **રૂા.૯૦૦/-(અંકે રુપીયા નવસો પુરા)** દર માસે નીયમીત આ અરજીની તારીખથી ચડયે ચડયા ચુકવી આપવા તેવો હુકમ સામાવાળાને ડી વી એકટનીકલમ-૧૯ (૧) (એફ) હેઠળ કરવામા આવે છે.

(૫). સામાવાળા નં. ૧ નાએ અરજદારને હાલની અરજીનાં ખર્ચ પેટે **રૂા.૧,૦૦૦/-(અંકે રુપીયા એક હજાર)** અલગથી ચુકવી આપવા.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu

આ સીવાયની અરજદારે માગેલ દાદ નામંજુર કરવામા આવે છે.

**(૬).** ડી વી એકટની કલમ–૨૪ મુજબ, આ હુકમની સર્ટીફાઈડ નકલ પક્ષકારોને તેમજ પ્રોટેકશન અધિકારીશ્રીને તથા ખેરાલુ પોલીસ સ્ટેશનના થાણા ઈનચાર્જ અધીકારીને વીનામુલ્યે પુરી પાડવી.

**(૭).** ડી.વી. એકટની કલમ–૨૦(૪) મુજબ સામાવાળા જે વિસ્તારમા રહે છે તે વીસ્તાર જે પોલીસ સ્ટેશનની સ્થાનીક હદમા આવતો હોય તે પોલીસ સ્ટેશનના થાણા ઈનચાર્જ અધીકારીને પણ આ હુકમની નકલ વિના મૂલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ૧–૦૪–૨૦૨૬** **(રાકેશકુમાર વસંતલાલ સોની)**
**સ્થળ : ખેરાલુ** **એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ખેરાલુ.**
**Judge Code No-GJ01193**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.Kheralu